# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 31-08-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

*****************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે કિર્ગિસ્તાનની બે દિવસીય મુલાકાતના પહેલા દિવસે બિશ્કેકમાં 'ભારતના મિત્રો' સાથે સંવાદ કર્યો.. મહાત્મા ગાંધીને શ્રધ્ધાંજલી અર્પી.
2. રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુએ NIFTના પદવીદાન સમારોહમાં સંબોધન કરતાં વિદ્યાર્થીઓને દેશના સાંસ્કૃતિક મૂલ્યોના મૂળમાં રહીને વૈશ્વિક દ્રષ્ટિકોણને અપનાવવા હાકલ કરી.
3. ભારતીય નૌકાદળે આઇએનએસ નિપુણને સેવારત કર્યું.
4. નેપાળમાં પૂરના કારણે ટનલોમાં ફસાયેલા લોકોને બહાર કાઢવાનો અવિરત પ્રયાસ.
5. નેપાળમાં આવેલા પૂર અને કેચમેન્ટ વિસ્તારોમાં ભારે વરસાદને કારણે, બિહારમાં ગંડક અને કોસી નદીઓમાં પાણીનું સ્તર વધ્યું.
6. અમેરિકાએ હોર્મુંઝ સ્ટ્રેટમાં લારાક ટાપુ પર ઈરાની સૈન્ય સ્થળો પર હુમલો કર્યો.

------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# PM-BISHKEK-VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે કિર્ગિસ્તાનની બે દિવસીય મુલાકાતના પહેલા દિવસે બિશ્કેકમાં 'ભારતના મિત્રો' સાથે વાતચીત કરી. યોગ અને માનસ એકેડેમી સહિત વિવિધ ક્ષેત્રોમાં ભારત સાથે કામ કરતા ચાર પ્રતિનિધિમંડળો આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

સાંભળીએ એક અહેવાલ...

(VC: VIKLAP SHUKLA)

# PRIME MINISTER OF UZBEKISTAN

શ્રી મોદીએ જણાવ્યું કે ઉઝબેકિસ્તાનના લોકો ભારતની સંસ્કૃતિ , ઇતિહાસ, ભાષાઓ અને વિચારોમાં વધુ રસ ધરાવે છે. પ્રધાનમંત્રીએ સોશિયલ મીડિયા પોસ્ટમાં તાશ્કંદની તેમની મુલાકાતનો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે તાશ્કંદ સ્ટેટ યુનિવર્સિટી ઓફ ઓરિએન્ટલ સ્ટડીઝ ખાતે મહાત્મા ગાંધી સેન્ટરની તેમની મુલાકાત અનેક કારણોસર મહત્વપૂર્ણ અને રસપ્રદ હતી.

તાશ્કંદની તેમની મુલાકાત દરમિયાન, શ્રી મોદીએ શાસ્ત્રી સ્મારક ખાતે ભૂતપૂર્વ પ્રધાનમંત્રી લાલ બહાદુર શાસ્ત્રીને શ્રદ્ધાંજલિ આપી.

# PREZ NIFT CONVOCATION

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું કે કાપડ ક્ષેત્ર માત્ર ભારતના સાંસ્કૃતિક વારસાનો એક મહત્વપૂર્ણ ભાગ નથી પણ લાખો લોકોને આજીવિકા પણ પૂરી પાડે છે. નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ફેશન ટેકનોલોજી ( NIFT) ના પદવીદાન સમારોહને સંબોધતા, રાષ્ટ્રપતિએ NIFT ના વિદ્યાર્થીઓને દેશના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસા અને મૂલ્યોના મૂળમાં  રહીને વૈશ્વિક દૃષ્ટિકોણ અપનાવવા હાકલ કરી.

(BYTE: DRAUPADI MURMU)

# INS NIPUN COMMISSIONED

ભારતીય નૌકાદળે આજે મુંબઈના નેવલ ડોકયાર્ડ ખાતે નિસ્ટાર-ક્લાસના બીજા ડાઇવિંગ સપોર્ટ વેસલ (DSV) INS નિપુણને સેવારત કર્યું.

આ પ્રસંગે સંબોધન કરતાં નૌકાદળના વડા , એડમિરલ કૃષ્ણ સ્વામીનાથને જણાવ્યું કે વ્યૂહાત્મક પરિવર્તનના સમયગાળા વચ્ચે , નિપુણ સમુદ્રમાં મલ્ટી-ડોમેન ઊંડા પાણીના ઓપરેશન્સ માટે જરૂરી નૌકાદળની વિશિષ્ટ પાણીની ક્ષમતાઓમાં એક શક્તિશાળી ઉમેરો બનવા જઈ રહ્યું છે. તેમણે ઉમેર્યું કે નિપુણ એક સમર્પિત ડાઇવિંગ સપોર્ટ અને સબમરીન બચાવ જહાજ તરીકે જટિલ પાણીની કામગીરી માટે પશ્ચિમી નૌકાદળ કમાન્ડની ક્ષમતાઓમાં નોંધપાત્ર વધારો કરશે.

# DAY NEPAL FLOOD

નેપાળમાં ગત બુધવારે આવેલા વિનાશક પૂર બાદ, ત્રિશુલી-3A સહિત અનેક જળવિદ્યુત પ્રોજેક્ટ્સની સુરંગમાં ફસાયેલા લોકોને બચાવવાના પ્રયાસો તેજ કરવામાં આવ્યા છે. ભારત અને ચીનના નિષ્ણાતો સહિત બચાવ ટીમો સુરંગોમાં ફસાયેલા લોકોનો સંપર્ક કરવાનો પ્રયાસ કરી રહી છે, પરંતુ હજુ સુધી કોઈ પ્રત્યુત્તર મળ્યો નથી. ગુમ થયેલા 2 હજાર 500 લોકોમાંથી ઘણા લોકો નેપાળના જળવિદ્યુત પ્રોજેક્ટ્સના કર્મચારીઓ હોવાનું મનાઈ રહ્યું છે.

આ દુર્ઘટનામાં નેપાળમાં લગભગ 794 લોકોના મોત અને 2 હજાર 500 થી વધુ લોકો ગુમ થયા હોવાના અહેવાલ છે. તિબેટમાં સત્તાવાર મૃત્યુઆંક 16 છે, જ્યારે 546 લોકો ગુમ થયાના અહેવાલ છે. બચાવ ટીમો બચી ગયેલા લોકોની શોધ કરી રહી છે.

દરમિયાન ત્રિશુલી નદીમાં નવા આવેલા પૂરને કારણે ગઈકાલે મધ્ય નેપાળમાં એક ઝૂલતો પુલ ધોવાઈ ગયો હતો.

# REV. BIHAR-FLOOD (V/C)

નેપાળમાં આવેલા વિનાશક પૂર અને કેચમેન્ટ વિસ્તારોમાં ભારે વરસાદને કારણે, બિહારમાં ગંડક અને કોસી નદીઓમાં પાણીનું સ્તર વધ્યું છે.

સાંભળીએ એક અહેવાલ.....

(V/C-SAVITA PAREEK)

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# FINANCE MINISTER - GLOBAL PRODUCTION

નાણામંત્રી નિર્મલા સીતારમણે આજે અમેરિકન બહુરાષ્ટ્રીય કંપની થ્રી-એમને ભારતમાં સંશોધન અને વિકાસ , અદ્યતન ઉત્પાદન અને સ્થાનિક પુરવઠા શૃંખલાઓમાં રોકાણ વધારવા હાકલ કરી. તેમણે જણાવ્યું કે ભારત ટેકનોલોજી , નવીનતા અને વૈશ્વિક ઉત્પાદન માટે એક મહત્વપૂર્ણ કેન્દ્ર તરીકે ઝડપથી ઉભરી રહ્યું છે, જે વૈશ્વિક કંપનીઓ માટે વિશાળ તકો પ્રદાન કરે છે.

નાણા મંત્રાલયે સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું કે નાણામંત્રીએ અમેરિકાના ઉત્તર કેરોલિનામાં G-20 નાણામંત્રીઓ અને સેન્ટ્રલ બેંક ગવર્નરોની બેઠક દરમિયાન થ્રી-એમના ચેરમેન અને સીઈઓ વિલિયમ બ્રાઉન સાથે વાતચીત કરી હતી.

# MP LAPTOP INCENTIVE

મધ્યપ્રદેશમાં ધોરણ 12માં 75 ટકા કે તેથી વધુ ગુણ મેળવનારા વિદ્યાર્થીઓને લેપટોપ ખરીદવા માટે 25 હજાર રૂપિયા મળશે. મુખ્યમંત્રી ડૉ. મોહન યાદવ આવતીકાલે ભોપાલ ખાતે યોજાનાર કાર્યક્રમમાં વિદ્યાર્થીઓના બેંક ખાતામાં પૈસા ટ્રાન્સફર કરશે. આ યોજનાનો લાભ લગભગ 1 લાખ 22 હજાર જેટલા વિદ્યાર્થીઓને મળશે. આ પૈસા મેરિટોરિયસ સ્ટુડન્ટ પ્રોત્સાહન યોજના હેઠળ આપવામાં આવી રહ્યા છે.

# STOCKS 1200

આજે બપોરના સત્રમાં બેન્ચમાર્ક સ્થાનિક ઇક્વિટી સૂચકાંકો ઘટાડા સાથે ટ્રેડ થઈ રહ્યા હતા. છેલ્લા અહેવાલો આવ્યા ત્યારે સેન્સેક્સ 271 પોઈન્ટ જ્યારે નિફ્ટી 110 પોઈન્ટ ઘટીને કારોબાર કરી રહ્યાં હતાં

મીડિયા, મેટલ અને આઇટી સહિતના મોટાભાગના ક્ષેત્રોના શેરોમાં વેચવાલી જોવા મળી હતી.

# US-IRAN-HORMUZ

અમેરિકાએ ગઈકાલે રાત્રે હોર્મુંઝ સ્ટ્રેટમાં લારાક ટાપુ પર ઈરાની સૈન્ય સ્થળો પર હુમલો કર્યો.

અમેરિકન દળોએ જણાવ્યું હતું કે , ઈરાનના ઇસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સના સૈનિકો હોર્મુંઝ સ્ટ્રેટમાં રોકેટ મારો કરવાની તૈયારી કરતા જોવા મળ્યા બાદ તેમણે લારાક ટાપુ પર બે ઈરાની લોન્ચર્સને નિશાન બનાવ્યા હતા.

દરમિયાન ઈરાની રાજ્ય પ્રસારણકર્તા IRIB એ અહેવાલ આપ્યો છે કે આ હુમલામાં ઘણા ઈરાની કર્મચારીઓ અને નાગરિકો ના મોત થયા છે જ્યારે ઘણા બધા ઈજાગ્રસ્ત થયા છે.

# WEATHER

ભારતીય હવામાન વિભાગે આજે ઓડિશા અને છત્તીસગઢના કેટલાક સ્થળોએ ધોધમાર વરસાદની આગાહી કરી છે. અરુણાચલ પ્રદેશ , બિહાર, પૂર્વ ઉત્તર પ્રદેશ , ઝારખંડ, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા અને ઉત્તરાખંડમાં દિવસ દરમિયાન ભારે વરસાદની પણ આગાહી છે.

આસામ, મેઘાલય, પૂર્વ મધ્ય પ્રદેશ , હિમાચલ પ્રદેશ, જમ્મુ અને કાશ્મીર , લદ્દાખ, પશ્ચિમ બંગાળ, સિક્કિમ અને પશ્ચિમ ઉત્તર પ્રદેશમાં પણ આજે મધ્યમથી ભારે વરસાદ પડવાની શક્યતા છે.